અરજી નં.૩૬૦ તા.૨૪–૨–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૯–૧–૦૯ ની અરજીથી રામપુરા લાલમિયાં મસ્જીદ પાછળ ગાર્ડન મિલ પાસે આવેલો વોર્ડ નં.૭ નોંધ નં.૯૨૨ વાળી જગ્યા પર થયેલા નવા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૪–૨–'૦૯ ની અપીલ અરજી નં.૩૬૦/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૯–૧–૦૯ ની અરજીથી રામપુરા લાલમિયાં મસ્જીદ પાછળ ગાર્ડન મિલ પાસ ેઆવેલો વોર્ડ નં.૭ નોંધ નં.૯૨૨ વાળી જગ્યા પર થયેલા નવા બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૭ની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/૧૪૨૩ તા.૧૮–૨ –૦૯ થી આપેલ માહિતી ખોટી તેમજ માંગ્યા મુજબ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૪–૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આર.ટી.આઈ.સેલ /૧૧૮૮ તા.૦૭/૦૩/૦૯ના રોજ શહેરી વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેઓ તરફથી સે.ઝોન/આરટીઆઈ/ આ.નં./૧૫૭૪ તો૧૭/૦૩/૦૯ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે. જે અનુસાર વોર્ડ નં.૭ નોંધ નં.૯૨૨ વાળી મિલ્કતનું બાંધકામ વર્ષો જુનું હોય માંગેલ માહિતી અત્રેના રેકર્ડ પર નથી તેવો પ્રત્યુતતર જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૧૮–૨–૦૯ ના પત્રથી અરજદારને પાઠવવામાં આવ્યાનું જણાય છે.

અરજદારની તા.૧૯/૦૧/૦૯ની અરજી થી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી બાંધકામ વર્ષો જુનું હોવાથી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાનું જણાવેલ છે. આર.ટી.આઈ.કાયદાની કલમ–૨ (એફ) અને ૨(જે) મુજબ માહિતી અધિકાર અધિનિયમ વ્યાખ્યા અનુસાર જાહેર સત્તામંડળ પાસે અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ પૈકીની માહિતી પુરી પાડવાનો સમાવેશ થાય છે. જાહેર માહિતી અધિકારીએ અરજદારને સદર મિલ્કતનું બાંધકામ વર્ષો જુનું હોય રેકર્ડ પર ઉપલબ્ધ નહી હોવાનું જણાવેલ છે. પૂરક વિગતમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના આ અંગેના નોંધ વિભાગની નકલ મોકલેલ છે. અરજદારે અપીલ અરજીમાં તેમની પાસે વીડીઓના પુરાવા હોવાનું જણાવેલ છે. પરંતુ તેવા કોઈ આધાર અપીલ સાથે રજુ કરેલ નથી. અરજદારને અપીલ તબકકે અન્ય અપીલો અંગે પણ તેમના દાવાના સમર્થનમાં પુરાવા આધાર રજુ કરવા જયારે પણ તક આપેલ છે ત્યારે રજૂ કરવામાં સફળ રહેલ નથી.

**હુકમ**

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારને તેમની તા. ૧૯–૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વોર્ડ નં.૭ નોંધ નં.૯૨૨ થી કોઈ મિલ્કત અત્રેના રેકર્ડ ઉપર નોંધાયેલ જણાયેલ ન હોવાની માહિતી પુરી પાડેલ છે. તે સામે અરજદારે તરફે કોઈ આધાર પુરાવા રજુ કરવામાં આવેલ ન હોઈ અરજદારની અપીલ દફતરે કરવામાં આવે છે. તેમ છતાં કાયદાની મૂર્તિમંત થયેલ પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાની ભાવનાને અનુલક્ષી અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગત ફાઈલનું ઈન્સ્પેકશન કાયદાની કલમ–૭(૩) નિયમ(૫) ની જોગવાઈને આધિન કરી શકે છે. અરજદાર તરફથી તેવી માંગણી થતાં તદ્નુસાર અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩ –૦૯.

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ,**
(૧) શહેરી વિકાસ અધિકારી જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,